# ગુરુગુણકીર્તન

(આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીની અષ્ટપ્રકારી ગુરુપૂજા)

**વિજયશીલચન્દ્રસૂરિ**

પ્રકાશક

**શ્રીભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ**

ગોધરા

વિ.સં. ૨૦૬૪ ઈ. ૨૦૦૮

---

**આ બુક કોઈએ ઘરે લઈ જવી નહી.**

**પૂજા પૂર્ણ થયા બાદ પરત કરવી.**

---

શ્રી મહુવા તપા.જૈન સંઘ

## મહત્ત્વનાં સૂચનો

૧. આ ગુરુપૂજા ગુરુમૂર્તિ સમક્ષ ભણાવી શકાય. તે વખતે શ્રીપ્રભુજીની પ્રતિમા, ત્રિગડું, સ્નાત્રપૂજા ઈત્યાદિ કશાયની જરૂર નથી, તેથી પ્રભુજી લાવવા નહિ.
૨. દેરાસરમાં, પરમાત્માની દૃષ્ટિ પડે તેવા સ્થાને જો ગુરુમૂર્તિ હોય, તો ત્યાં આ પૂજા ભણાવવી નહિ. પ્રભુજીની આશાતનાથી બચવાનો ખ્યાલ રાખવો આવશ્યક છે.
૩. ગુરુમૂર્તિને નિત્ય માત્ર વાસચૂર્ણથી તથા ધૂપ-દીપથી જ પૂજવાની ઉચિત પ્રણાલિકા છે. પૂજા ભણાવવી હોય ત્યારે જળપૂજામાં સુગંધી જળ ભરેલ (દૂધ નહીં) કળશ કે પાત્ર ધરી શકાય; અથવા જળ વડે અભિષેક કરી શકાય. ચંદનપાત્ર ધરી શકાય, અથવા જમણા ચરણે તિલકપૂજા થઈ શકે. પુષ્પોના વિવેકહીન અતિરેકથી બચવું ઉચિત છે.
૪. બાકી સર્વ વિધિ પ્રાયઃ પરમાત્મા સમક્ષ ભણાતી પૂજા તુલ્ય સમજાવો.
૫. પૂજા પત્યા બાદ આરતી, મંગલદીવો, શાંતિ કળશ કરવાનાં નથી. માત્ર ગુરુસ્તુતિ કરીને અક્ષતે વધાવીને સમાપ્ત કરવું.
૬. આ ગુરુપૂજા-નિમિત્તે ચડાવારૂપે કે અન્ય કોઈપણ રૂપે થતી આવક તે દેવદ્રવ્ય નથી થતી. શાસનસમ્રાટ પરમગુરુની માન્ય પ્રણાલિકા પ્રમાણે તેનો ઉપયોગ વૈયાવચ્ચ આદિ રૂપે ગુરુભક્તિનાં કાર્યોમાં કરવાનો છે. શાસનસમ્રાટ-ગુરુદેવ મહાન્ ગીતાર્થ અને સુવિહિતમાર્ગે શાસ્ત્ર-પરંપરાના આરાધક હતા. તેમણે માન્ય કરેલી પ્રણાલિકાને અયોગ્ય ઠેરવવાની ચેષ્ટા કરવામાં મહાપુરુષની અને ગુરુપદની આશાતના છે.

વિક્રમ સંવત્સર તણી, વીસમી સદી મોઝાર
જિનશાસન-રાજા થયા, નેમિસૂરિ શ્રીકાર ૪
તપાગચ્છના સાહિબા, નાયક સુવિહિત સંઘ
ભવભીરુ તે ગુરુતણા, ચરણે નમું પંચાંગ ૫
અગણિત ગુણ તે ગુરુતણા, ગાવા મન બહુ હોંશ
ગુરુગુણ પૂજા તે ભણી, રચશું હું નિર્દોષ ૬
ભાવગુરુની પૂજના, વસ્ત્રાદિકથી હોય
ઠવણા-ગુરુની પૂજના, આઠ પ્રકારે જોય ૭
ભાવ-જિણંદની જિમ નહીં, પૂજા હુવે નવ-અંગ
ભાવાચાર્ય સુગુરુતણી, પૂજા તિમ નહિ અંગ ૮
ધર્મ-માર્ગ-દાતા ગુરુ, તસ ઉપકાર અપાર
સ્મરણ રહે નિત તેહનું, તેણે પ્રતિમા-ઉપચાર ૯
ગુરુમૂર્તિમાં ગુરુતણી, કરી સ્થાપના સાર
અડવિધ પૂજાને મિષે, કરું ગુણગાન લગાર ૧૦
ઠવણાનિક્ષેપે ભલી, પૂજા આઠ પ્રકાર
નૈમિત્તિક તે નિત્ય નહીં, એ આચરણા ધાર ૧૧
જલ ચન્દન પુષ્પાક્ષતા, ધૂપ દીપ સુપ્રકાશ
નૈવેદ્ય ફલ એ દ્રવ્ય અડ, પૂજા રચો ઉલ્લાસ ૧૨
નિત્ય પ્રતે ગુરુમૂર્તિને, વાસચૂર્ણ ને ધૂપ
દીપકજ્યોતે પૂજવી, એ વિવેક-અનુરૂપ ૧૩

નમોનમઃ શ્રીગુરુનેમિસૂરયે ।।

# ગુરુગુણકીર્તન

(પૂજા)

## પ્રથમ જલપૂજા

(૧)

દૂહા

સુખકર શ્રી શંખેશ્વરો-સાહિબ સમરૂં સદાય
દુઃખ દુરિત દુર્ભાગ્ય જસ લેતાં નામ પલાય ૧
સુરગુરુ પણ જસ સેવના, કરતાં મન ધરી ખંત
કવિજનને આરાધ્ય તે, વાણી વહો જયવંત ૨
ગુરુચરણે ત્રિવિધે નમું, જાસ કૃપા-વરસાદ
તાપ-ત્રિવિધને ઠારીને, નિરમે ચિત્ત-પ્રસાદ ૩

ઢાળ

(રાગ : ભૈરવ)

ગાઉં ગુરુવરના અવદાત
વીરપ્રભુના શાસન-નભમાં, ચન્દ્ર-કિરણની ભાત...
ગણધર પંચમ સ્વામી સોહમ, સંયમ-નિર્મલ-ગાત
પાટપરંપરમાં વિલસે તસ, તપાગચ્છ વિખ્યાત. ૧
જગચ્ચન્દ્ર ગુરુ આદિપુરુષ તસ, હીર જગતગુરુ તાત
વિજયદેવ ને વિજયસિંહની, સંતતિમાં આયાત ૨
બુદ્ધિવિજય ને વૃદ્ધિવિજય જસ, ગુરુવર ખાસ સુહાત
વિજયનેમિસૂરીશ્વર ગુરુની, હું ગાઉં ગુણગાથ ૩
સૌરાષ્ટ્રે મહુવાપત્તન શુભ, લઘુ કાશ્મીર કહાત
ઓગણીસ ઓગણત્રીસે જનમ્યા, નૂતન વર્ષ પ્રભાત ૪
લક્ષ્મીચંદ પિતા-કુળદીપક, દીવાળીબા માત
વિનયી બુદ્ધિનિપુણ તસ સુત એ, નેમચંદ આખ્યાત ૫
ભાવનગરમાં શુદ્ધ સંયમી, વૃદ્ધિચન્દ્ર ગુરુ ખ્યાત
સંવત પિસ્તાલીશે અર્પી, તસ ચરણે નિજ જાત ૬
જેઠ શુદી સાતમ દિન દીક્ષા, નેમિવિજય મુનિ થાત
જ્ઞાનાર્જન, વ્રતપાલન, સેવા, તપમાં એ વખણાત ૭
સંવત સાઠે ગણિ-પંડિત પદ, વલભીમાં ભલી ભાંત
સંવત ચોસઠમાં સૂરિપદવી, ભાવનગર રળિયાત ૮
શ્રીગંભીરવિજય ગણિવરજી, મોટા છે ગુરુભ્રાત
જેઠ શુદી પાંચમના દિવસે, સૂરિ થયા તસ હાથ ૯

યોગોદ્વહન ક્રિયાવિધિપૂર્વક, પદવી પ્રથમ એ થાત
વીસમી સદીમાં, તેથી ગુરુવર, છે સુવિહિત-મુનિનાથ૧૦
સત્યોતેર વરસનું આયુષ, પળ પળ તસ ખરચાત
શાસન-સંઘની ઉન્નતિ કાજે, કદી ન બીજી વાત ૧૧
સુવિહિત ગીતારથ ગચ્છેશ્વર, શાસનના સમ્રાટ્
સૂરિચક્રચક્રીસમ સોહે, નેમિસૂરિ જગતાત ૧૨
ગુણરત્નાકર એ ગુરુના સવિ, ગુણ શી રીત ગણાત?
તો પણ કરું મથામણ થોડી, ગાવા તસ અવદાત ૧૩
મૂર્ખ, અજ્ઞ ને અવગુણભૃત હું, અવિવેકી મમ જાત
ગુરુગુણ ગાતાં સુધરું હું જો તો, શ્રમ આ સફલો નાથ! ૧૪
નિર્મલ-જલભૃત કલશ ગ્રહીને, જે ગુરુ પૂજન ધ્યાત
જલ જિમ સરસ સુગંધિત થાશે, તે જનનાં મન-ગાત ૧૫
ગુરુ પથદર્શક, ગુરુ સુખદાયક, કરુણામય દિન રાત
શીલસુધાકર જ્ઞાનદિવાકર, ગુરુચરણે સુખશાત ૧૬

काव्यम्

युगप्रधानाभशुभानुभावाद्भुताय सूरीश्वरचक्रिणेऽद्य ।
श्रीनेमिसूरीतिपवित्रनाम्ने भक्त्याऽम्बुकुम्भं शुभमर्पयामः ॥१॥

मन्त्रः ॐ ह्रीँ श्रीपरमगुरुभट्टारकाय बालब्रह्मचारिणे सूरि-सार्वभौमाय सकलश्रीसङ्घक्षेमङ्कराय श्रीविजयनेमिसूरीश्वराय भगवते जलकलशं समर्पयामि स्वाहा ॥१॥

*પ્રથમ જલપૂજા સમાપ્ત*

*

(સાખી)

ભાવનગર સોહામણું, સોરઠ કેરૂં નાક
માત-પિતા ત્યાં મોકલે, વરવા જ્ઞાન-પતાક ૨

(ઢાળ)

ગરવા વૃદ્ધિચન્દ્ર ગુરુરાજ તિહાં બિરાજતા રે
અતિશય સંવેગી ને સંયમપાલણહાર-
સુવિહિત શુદ્ધ-સાધુતા-ભૂષિત હિતકર છાજતા રે
જન્મે પંજાબી ઉન્માર્ગ નિવારણહાર ૩

(સાખી)

શ્રીચરણોમાં તેમના, આદરતા, અભ્યાસ
ગુરુવરના સત્સંગથી, તૂટ્યો ભવ-અધ્યાસ ૪

(ઢાળ)

એને આ સંસાર અસાર નર્યો અતિ ભાસતો રે
વસમાં વીતે એનાં સંયમ વિણ દિન રાત
પણ નહિ માત-પિતાની અનુમતિ મળવા આશ તો રે
મોહે ઘેર્યાં હૃદયોની મોટી પંચાત ૫

(સાખી)

અનુમતિ વિણ માબાપની, દીક્ષા પણ ગુરુદેવ
આપે નહિ, ને હૃદય તો, ચહે સંયમ તતખેવ ૬

**બીજી ચન્દનપૂજા**

(૨)

**દૂહા**

આત્મગુણોને બાળતો ભવ-દાવાનલ ખાસ
જિનદીક્ષાની ઔષધી, ઠારે નિશ્ચય તાસ ૧
સકલ દીનતાનો થતો, ક્ષય જેનાથી અવશ્ય
દીક્ષા તે આરાધીને ગુણગણ કરવા વશ્ય ૨
અભિલાષા યદિ મોક્ષની, સુવિહિત ને ગુરુ-જોગ
તો વૈરાગી જીવની, દીક્ષા હોય અમોઘ ૩
નેમિસૂરિ ગુરુરાજની, દીક્ષા જ્ઞાનાભ્યાસ
સંયમ-શુદ્ધારાધના, વરણવું મન-ઉલ્લાસ ૪
ગુરુપદ પંકજ સેવતાં શમે પાપ સંતાપ
તે કારણ ચન્દનરસે, પૂજો ગુરુપદ આપ ૫

**ઢાળ**

(હાલો હાલો હાલો હાલો મારા નંદને રે... એ દેશી)

દીક્ષા અંગીકાર કરે તસ લેઉં ભામણાં રે..... ટેક.
પુણ્યો પૂર્વજનમનાં નેમચંદનાં જાગિયાં રે
સહસા બાલ્યવયે તો પ્રગટ્યો ઉર વૈરાગ્ય
શિક્ષણ, ધંધો ને પરિવાર બધાંને ત્યાગિયાં રે
ધાર્મિક સંસ્કૃત શિક્ષા કાજે સાધ્યો લાગ ૧

(ઢાળ)

અંતે નિશ્ચય કીધો ગૃહ ત્યાગીને ભાગવા રે
ભાગ્યા, પહોંચ્યા ગુરુ-દરબારે પહેરી વેષ
દૃઢતા દેખી ગુરુએ લીધા સંયમ-બાગમાં રે
થાપ્યા નેમિવિજયજી નામે મુનિ ગતક્લેશ ૭

(સાખી)

માત-પિતા પરિવારને, પ્રતિબોધી અનુકૂળ
કીધા, લીધી આશિષો, 'હણજો ભવનું મૂળ'.

(ઢાળ)

ગુરુવર ને પંડિતજન પાસે શાસ્ત્રાભ્યાસમાં રે
બનતા લીન વિલક્ષણ બુદ્ધિમંત મુનિરાજ
થાયે પારંગત એ શબ્દ, ન્યાય, સિદ્ધાન્તમાં રે
અતિશય અલ્પ સમયમાં સહુના આદરભાજ ૯

(સાખી)

સ્વયં ભણે ને અન્યને, સરસ ભણાવે ગ્રંથ
આવે કો' ગર્વિષ્ઠ તો, મૂકાવે તસ તંત ૧૦

(ઢાળ)

સાથે ગુરુવરની વૈયાવચ્ચે પણ સાબદા રે
નિશદિન ભક્તિભર્યા ત્રણ યોગે કરતા સેવ

તપમાં, ત્યાગ-વિરાગે અપ્રમત્ત એ તો સદા રે
સંયમના શુદ્ધારાધનની ભારી ટેવ ૧૧

(સાખી)

આથી અવિરલ આશિષો, અવિરત ગુરુજી દેત
લાધી અનુપમ સંપદા, જાણે નિજહિત-હેત ૧૨

(ઢાળ)

ગુરુવર સ્વર્ગ સિધાવ્યા તદનન્તર પણ જ્ઞાનની રે
લગનીપૂર્વક ભણવામાં એ ધરતા ચિત્ત
પ્રસરી ખ્યાતિ તેથી સઘળે તસ વ્યાખ્યાનની રે
શાસ્ત્રો ને શાસનશૈલી એ મુનિનું વિત્ત ૧૩

(સાખી)

શાસ્ત્રપૂત જીવન ઘડ્યું, ગ્રંથો રચ્યા અનેક
જિનશાસનમાં જ્ઞાનની, ધૂણી ધખાવી નેક ૧૪

(ઢાળ)

શ્રીહરિભદ્રસૂરીશ્વર, યશોવિજય વાચકતણા રે
ને શ્રીહેમાચાર્ય-રચિત ગ્રંથો અભિરામ
પાઠન-પઠન-પ્રકાશન સર્વપ્રથમ એ સર્વનાં રે
કીધાં જ્ઞાનોદ્ધારક ગુરુદેવે ગુણધામ ૧૫

**શ્રીજી પુષ્પપૂજા**

(૩)

**દૂહા**

ષડ્‌વિધ જીવનિકાયના, પાલક તાતસમાન
યતનાવંત મુનીન્દ્રનું, જીવન દયાપ્રધાન ૧

જયણાયુત ચેષ્ટા સવિ, હૃદયે કરુણાભાવ
સ્થૂલ સૂક્ષ્મ જીવો પ્રતિ, અંતરનો સમભાવ ૨

જિનભાષિત આ રીતથી, ભાવદયા પાળંત
મારિ-નિવારણ પણ કરે, દ્રવ્યદયાએ સંત ૩

નેમિગુરુએ કીધલાં, જેહ દયાનાં કાજ
ઉપમા તસ 'લઘુ-હીર'ની, તે કારણ દઉં આજ ૪

મઘમઘતી ફુલછાબડી, ભરી ધરી સન્મુખ હાથ
તુમ કરુણાગુણ-પુષ્પની, સુરભિ પ્રસારૂં નાથ ૫

**ઢાળ**

(શ્રીજિનરાજ જગત હિતકારી... અથવા
વીરજિણંદ જગત ઉપગારી...એ દેશી)

શ્રીગુરુરાજ દયાના દરિયા, અનુકંપાગુણ ભરિયા રે
મન વચ કાયે એ સંવરિયા, નિર્મલ આતમ વરિયા રે ૧

(સાખી)

યોગક્રિયાપૂર્વક બધા, આગમનો સ્વાધ્યાય
આ યુગમાં આરંભતા, શ્રીનેમિગુરુરાય ૧૬

(ઢાળ)

સ્થાપી ધાર્મિક-સંસ્કૃત શાળાઓ બહુ ગામમાં રે
કન્યાશાળા પણ સંસ્થાપી નગર ખંભાત
જ્ઞાનારાધનશીલ બિરુદથી થાતી નામના રે
ગુરુના જ્ઞાને સઘળો સંઘ થયો રળિયાત ૧૭

काव्यम्

सज्ज्ञानसंसेवनतत्पराय, प्रणीतसच्छास्त्रकदम्बकाय ।
श्रीनेमिसूरीशशुभाभिधाय, सच्चन्दनं सद्‌गुरवेऽर्पयामः ॥
मन्त्रः ॐ ह्रीँ श्रीपरमगुरुभट्टारकाय बालब्रह्मचारिणे सूरि-
सार्वभौमाय सकलसङ्घक्षेमङ्कराय श्रीविजयनेमिसूरीश्वराय
भगवते चन्दन-भृतकच्चोलकं समर्पयामि स्वाहा ॥

***દ્વિતીય ચન્દનપૂજા સમાપ્ત***

*

દુ:ખિયાં દેખી દ્રવતું દિલડું, આંખે આંસુ ઝરતાં રે
જન હો અથવા એહ જનાવર, નિશ્ચે તસ ઉદ્ધરતાં રે ૨

વધ માટે જાતાં પશુઓ પર, જવ જવ દૃષ્ટિ પડતી રે
અભય અપાવે એ જીવોને, નિશ્ચે ગુરુ વડવખતી રે ૩

પેટલાદ ને અમદાવાદે, ક્ષેત્રે અવર ઘણેરાં રે
જીવોની રક્ષા એ રીતે, કરતાં ગુરુ વડેરા રે. ૪

સંસ્થા છાપરિયાળીની જવ, દેવામાં બહુ ડૂબી રે
ફેડાવ્યું બે વેળા દેવું, તવ એ ગુરુની ખૂબી રે ૫

સૌરાષ્ટ્રે સાગરકાંઠાનાં, બહુ ગામોમાં વિચરી રે
માછીમારોને પ્રતિબોધ્યા, જાળ મૂકાવી બહુરી રે ૬

ભેગી કરાવી જાળ હજારો, દાઠા ગામ મઝાર રે
અગ્નિશરણ શ્રાવકજન કરતાં, જળચરને ઉપકાર રે ૭

રાજા રાણા રાવ ઘણાને, દઈ મધુરો ઉપદેશ રે
અમર પ્રવર્તાવે ગુરુવરજી, નહિ સ્વારથ લવલેશ રે ૮

માંસાહારી વળી શિકારી, ગરાસિયા દરબાર રે
પ્રતિબોધી સઘળું છોડાવે, ગુરુ કરુણા ભંડાર રે ૯

જીવદયાના પાલનહેતે, ટીપો પણ ઝાઝેરી રે
ગુરુ-ઉપદેશે થાતી સઘળે, એ પણ વાત અનેરી રે ૧૦

ગુરુનિશ્રા પામી ઉજવાતાં, ઉત્સવરંગ અપાર રે
હિંસક વ્યાપારો વિરમત તવ, થાયે મારિ-નિવાર રે ૧૧

ઓગણીશ બ્યાંસીને વરસે, જળહોનારત ભારી રે
અતિવૃષ્ટિને લીધે ગુર્જર-દેશે હાહાકારી રે ૧૨

ગામો ડૂબ્યાં જળમાં, જનતા-ઘોર વિપદમાં ડૂબી રે
માનવતા-પ્રેરિત તવ ગુરુવર, કરતાં કરણી અનૂઠી રે ૧૩

માનવરાહત-કાજ કરાવે, લાખ્ખોનું ભંડોળ રે
સાધર્મિકરાહતને હેતે, ભોજનગૃહ અણમોલ રે ૧૪

કાર્ય દયા ને માનવતાનાં, કીધાં એમ અનેક રે
કરુણાશીલ પરમગુરુરાજે, જય જય તસ સુવિવેક રે ૧૫

काव्यम्

अनन्यकारुण्यसमृद्धचेता
यो राजते सूरिगणेषु नेता ।
श्रीनेमिसूरीश्वरनामधेयं
तमर्चये पुष्पचयैरजेयम् ॥

मन्त्रः ॐ ह्रीं श्रीपरमगुरुभट्टारकाय बालब्रह्मचारिणे सूरिसार्वभौमाय सकलसङ्घक्षेमङ्कराय श्रीविजयनेमिसूरीश्वराय भगवते पुष्पचङ्गेरिकां समर्पयामि स्वाहा ॥

*તૃતીય પુષ્પપૂજા સમાપ્ત*

*

## ચતુર્થ ધૂપપૂજા

(૪)

દુહા

તીર્થપ્રવર્તન જિન કરે, પામી કેવલનાણ
તીર્થ વિના તીર્થંકરા, ન રહે નિયમા જાણ ૧

તીર્થ ચતુર્વિધ સંઘ કે, પહેલા ગણધર હોય
જિનવર પણ એ તીર્થને, પ્રણમે, અદ્ભુત સોય ૨

ભાવતીર્થને આશ્રયે, દ્રવ્યતીર્થ વિકસંત
ભાવોત્પાદક-દ્રવ્યમય, સ્થાવરતીર્થ મહંત ૩

જિન-ગણિ-કેવલિ-સાધુઓ, આત્મસાધના જ્યાંય
સાધી શિવપદવી વરે, તીર્થ રચાતું ત્યાંય ૪

એમ વિવિધ શુભ કારણે, તીર્થ રચાયાં ખૂબ
કાલગ્રસ્ત કેઈક થયાં, કેઈ વળી જીરણરૂપ ૫

એહવાં તીર્થોનો ઘણાં, કરવા પુનરુદ્ધાર
રક્ષણ પણ કરવા ભણી, બીડું ઝડપે સાર ૬

વિજયનેમિસૂરીશ્વરા, તપગચ્છે સરદાર
તીરથરક્ષા-કાર્યમાં, સંઘતણા આધાર ૭

તીર્થોદ્ધારક ગુરુ તણો, પ્રસરે સુયશ દિગંત
ગુરુસન્મુખ તે કારણે, ધૂપઘટા મહકંત ૮

સંક્ષેપે હું વરણવું, તીર્થોદ્ધાર-પ્રકાર
જે દ્વારા ગુરુએ કર્યો, નિજ આતમ-નિસ્તાર ૯

ઢાળ

(તીરથની આશાતના નવિ કરિયે..... એ દેશી)

તીરથની આરાધના ભવિ કરિયે
ભવિ કરિયે રે સવિ કરિયે, ભવજળનિધિ વેગે તરિયે,
વરિયે સુખમાળ ૧


શ્રીસૂરીશ્વર નેમિએ ઉદ્ધરિયાં, જે તીર્થ ઘણાં જર્જરિયાં
વળી કાળબળે વીસરિયાં, સહી કષ્ટ અપાર ૨

શ્રીવિમલાચલ કેરી ટૂંક કહાવે, ગિરિ નામે કદમ્બ સુહાવે
જસ મહિમા સુરનર ગાવે, ભવિજનહિતકાર ૩

બહુ કષ્ટે એ તીર્થને ઉદ્ધરતા, નડે વિઘ્ન ઘણાં, નહિ ડરતા
ત્યાં નવ જિનચૈત્ય સરજતા, થતો જયજયકાર ૪

શ્રીશેરીસાતીર્થનો થયો નાશ, રઝળે જિનપ્રતિમા ઉદાસ
મન પર લેતાં તે ખાસ, મળી દિવ્ય સહાય ૫

ચૌમુખ પ્રતિમા મેળવી પ્રારંભે, ત્યાં ચૈત્ય કરાવ્યું ઉમંગે
તીરથ વરતાવ્યું રંગે, શો ગુરુ-ઉપકાર ! ૬






મરુધરદેશે તીર્થ છે કાપરડા, ભીલ લોકો તિહાં અતિ કરડા
સરજે અપકૃત્ય-ઉકરડાં, જિનચૈત્ય મોઝાર ૭

પશુબલિ ભૈરવદેવ આગે ચઢાવે, વળી મદિરા નિત્ય ધરાવે
જિન-તીર્થ કલંકિત થાવે, કોઈ ન કરે સાર ૮

સૂરીશ્વર એ તીર્થને ઉદ્ધરતાં, ભૈરવનું વિસર્જન કરતાં
પ્રાણાન્ત ઉપદ્રવ સહતાં, દઢ સત્ત્વનું ધામ ૯

જાવાલે મા અંબિકાનું મજાનું, મંદિર જૈનોનું પુરાણું
ઈતરોને કર સપડાણું, થતો હિંસાચાર ૧૦

રાજ્યસત્તાની સહાયથી તે લીધું, હિંસાનું નિવારણ કીધું
જિનઘર નૂતન ત્યાં કીધું, સુખ શાન્તિ શ્રીકાર ૧૧

રાણકપુર ને સ્તંભતીર્થ વડેરું, માતર પણ તીર્થ અનેરું
વામજ વળી વરતે ભલેરું, તસ કીધ ઉદ્ધાર ૧૨

તાલધ્વજગિરિનો કરે ઉદ્ધાર, મહુવા વલભીપુર સાર
એમ બહુ તીર્થોનો ધાર, કરે જીર્ણોદ્ધાર ૧૩

શત્રુંજય ગિરનાર ને તારંગા, શ્રીસમેતશિખર બહુ ચંગા
અંતરિક્ષ મક્ષીજી સુરંગા, એમ તીર્થ ઘણાંય ૧૪

આક્રમણો આ તીર્થ પર બહુ આવે, જૈનેતર લોક સતાવે
રાજ્યો અડચણ ઉપજાવે, હુંબડનો ત્રાસ ૧૫

એહ સમસ્યાના નિવારણ કાજે, રહેતા કટિબદ્ધ સદા જે
નિજ બુદ્ધિકુનેહે છાજે, શ્રીસંઘ-આધાર ૧૬

કંઈક ઉકેલ્યા પ્રશ્ન તીરથ કેરા, વળી વિઘન ઉલેચ્યાં ઘણેરાં
પથદર્શક થઈ સંઘ કેરા, અનુપમ ગુરુરાજ ૧૭

તીર્થોદ્ધાર તથા રક્ષણમાં વીતે, ગુરુનું જીવન એ રીતે
લહે અઢળક એહ નિમિત્તે, કર્મક્ષય સાર ૧૮

શાસનરાગે બોધિની અતિશુદ્ધિ, શીલાદિ ગુણોની વૃદ્ધિ
ભવભયની અચલ સમૃદ્ધિ, ગુરુ વરિયા અપાર ૧૯

काव्यम्

यो जैनतीर्थे दृढरक्तचित्तः,
नानासुतीर्थोद्धरणैकवित्तः ।
स्वयं बभौ जङ्गमतीर्थरूपः,
गृहणातु धूपं गुरुनेमिभूपः ॥

मन्त्रः ॐ ह्रीँ श्रीँ श्रीपरमगुरुभट्टारकाय बालब्रह्मचारिणे सूरिसार्वभौमाय सकलसङ्घक्षेमङ्कराय श्रीविजयनेमिसूरीश्वराय भगवते धूपघटां समर्पयामि स्वाहा ॥

**ચતુર્થ ધૂપપૂજા સમાપ્ત**

*

**પંચમ દીપપૂજા**

**(૫)**

**દુહા**

વીરપ્રભુના શાસને, યુગપ્રધાન ભગવંત
ભૂતકાળમાં બહુ થયા, શાસનધોરી સંત ૧

તે સહુની ઝાંખી થતી, જસ દર્શનથી આજ
યુગપ્રધાન સમ તે જયો, નેમિસૂરિ ગુરુરાજ ૨

હેમગુરુનો હેમયુગ, હીરગુરુનો હીર
નેમિયુગ વરતે તથા, નેમિસૂરિથી ધીર ૩

મારૂં તારૂં ટાળીને, સકલ સંઘ હિતકાજ
પળ પળ નિજજીવનતણી, યોજે શ્રીગુરુરાજ ૪

બિરૂદ વર્યાં તે કારણે, જિનશાસનસમ્રાટ્
તપાગચ્છનાયક તથા, ગુરુવર જગવિખ્યાત ૫

જિનશાસનના મંડપે, જળહળ વિલસે દીપ
ગચ્છેશ્વર, તે કારણે, પૂજા મંગલદીપ ૬

પરમગુરુએ જે કર્યો, શાસનનો ઉદ્યોત
દરશાવું તે કર ધરી, નિર્મલ દીપકજ્યોત ૭

## ઢાળ

(તેજે તરણીથી વડો રે..... એ દેશી)

શાસનદીપક શ્રીગુરુ રે, પરમ પ્રભાવક જોય
શાસનને નિત સેવતાં રે, ત્રિકરણયોગે સોય રે ગુરુજી,
સિંહસમાણા સત્ત્વથી રે, વાસિત દઢ સમ્યક્ત્વથી રે,
સંવેગી શિરતાજ..... એ આંકણી ૧

મનસા વાચા કર્મથી રે, નૈષ્ઠિક જે બ્રહ્મચર્ય
આરાધે વય બાલ્યથી રે, આજીવન ગુરુવર્ય રે
ગુરુજી..... ૨

એ ચારિત્ર-પ્રતાપથી રે, બિંબપ્રતિષ્ઠા જ્યાંય
થાયે ગુરુવર-હાથથી રે, મંગલ વરતે ત્યાંય રે
ગુરુજી..... ૩

સુવિહિત સૂરિ ગીતાર્થની રે, યોગક્રિયાનો અંત
પ્રાયે સંઘ વિષે થયો રે, તસ ઉદ્ધાર કરંત રે
ગુરુજી..... ૪

શાસ્ત્ર-પરંપરા આદરી રે, યોગવહન કરી આપ
સુવિહિત સંવેગી સૂરિ રે, પ્રથમ થયા નિષ્પાપ રે
ગુરુજી..... ૫

પૂજન શ્રીઅરિહંતનું રે, શ્રીસિદ્ધચક્રનું ખાસ
વિધિગ્રંથોથી ઉદ્ધરી રે, વરતાવ્યું ગુણરાશ રે
ગુરુજી..... ૬

પ્રાણપ્રતિષ્ઠા બિંબની રે, કરતાં સહુ અચકાય
ગુરુવરના દઢ સત્ત્વથી રે, પુનરપિ તે શરૂ થાય રે
ગુરુજી..... ૭

વળીય હજારો બિંબની રે, પ્રાણપ્રતિષ્ઠા કીધ
જિનચૈત્યો નિર્માવિયાં રે, દાયક સમકિત રિદ્ધ રે
ગુરુજી..... ૮

યાત્રાસંઘો મોટકા રે, છહ રી પાલનહાર
જસ ઉપદેશે નીકળ્યા રે, શત્રુંજય ગિરનાર રે
ગુરુજી.....૯

સંઘ વડો માકુભાઈનો રે, અમદાવાદથી જાય
તેર હજાર તો યાત્રિકો રે, તેરસો ગાડાં થાય રે
ગુરુજી..... ૧૦

શેરીસાદિક તીર્થના રે, બીજા સંઘ અનેક
તસ નિશ્રાએ કાઢતા રે, શ્રાવકજન સુવિવેક રે
ગુરુજી.....૧૧

જીર્ણોદ્ધારો બહુ થયા રે, ઉપધાનાદિ ક્રિયાય
ઉજમણાદિક ઉત્સવો રે, ગુરુનિશ્રાએ સદાય રે
ગુરુજી..... ૧૨

જ્ઞાનતણાં બહુ મંદિરો રે, પુસ્તકનાં ભંડાર
પૌષધશાળ ઉપાશ્રયો રે, ધર્મશાળાઓ સાર રે
ગુરુજી..... ૧૩

આ સહુ ધર્મસ્થાનનાં રે, ભવ્ય થયાં નિર્માણ
પરમગુરુ ઉપદેશથી રે, ધન ધન ગુરુમુખવાણ રે
ગુરુજી..... ૧૪

ક્લેશ કુસંપ પ્રવર્તતાં રે, જે જે ક્ષેત્ર મોઝાર
જ્ઞાતિ અને સંઘો વિષે રે, ચાલે દુર્વ્યવહાર રે
ગુરુજી..... ૧૫

પ્રેમે એહ શમાવતા રે, સમજાવી સહુ પક્ષ
શાન્તિ સમાધિ હો સંઘમાં રે, એ ગુરુવરનું લક્ષ રે
ગુરુજી..... ૧૬

એમ અનેક પ્રકારથી રે, સારી શાસનસેવ
તન મન જીવન કીધલાં રે, સફળ તમે ગુરુદેવ રે
ગુરુજી..... ૧૭

સત્ત્વશીલ એ ગુરુતણા રે, સંક્ષેપે અવદાત
વરણવિયા મતિમંદથી રે, અધિકી વાત ન થાત રે
ગુરુજી..... ૧૮

### काव्यम्

अज्ञानसन्तमससन्ततसङ्गतानां
भव्यात्मनां भवभयेन हि सम्भृतानाम् ।
मार्गप्रकाशनविधौ किल यः प्रदीपो
दीपेन नेमिगुरुमद्य तमर्चयामः ॥

मन्त्रः ॐ ह्रीँ श्रीपरमगुरुभट्टारकाय बालब्रह्मचारिणे सूरि-सार्वभौमाय सकलसङ्घक्षेमङ्कराय श्रीविजयनेमिसूरीश्वराय भगवते दीपं दर्शयामि स्वाहा ॥

***પંચમ દીપકપૂજા સમાપ્ત***

*

## ષષ્ઠ અક્ષતપૂજા

(૬)

### દુહા

ગુરુઓ જગમાં બહુ જડે, હરતા શિષ્યનું વિત્ત
ગુરુજન કો' વિરલા જગે, હરતા શિષ્યનું ચિત્ત ૧

ગુરુવર દીપક સારિખા, ઉજ્જ્વલ જ્ઞાનપ્રકાશ
શિષ્યતણા જીવનપથે, પાથરતાં જે ખાસ ૨

સંવેગી સંયમભર્યા, નિઃસ્પૃહ સરલ ઉદાર
શાસનહિતમાં રાચતા, ગુરુ દુર્લભ સંસાર ૩

એહવા ગુરુવરની લહી, શીતલ છાયા સાર
સાધે આતમકાજ જે, શિષ્ય વિરલ તે ધાર ૪

આજ્ઞા ને સંયમતણાં, પાલનમાં રમમાણ
શિષ્ય સમર્પિત જે હશે, નિશ્ચે તસ કલ્યાણ ૫

ઉત્તમ ગુરુ ને શિષ્યના, યોગે શાસન જૈન
અવિચ્છિન્ન વરતે સદા, પ્રણમું તસ દિન રૈન ૬

સાંપડવા છે દોહ્યલા, શુદ્ધ સુગુરુ આ કાળ
ગુરુપરતંત્ર સુશિષ્યગણ, પણ છે દુર્લભ હાલ ૭

ગુરુ પોતે અદ્ભુત હતા, શ્રીશાસનસમ્રાટ
પણ શિષ્યોએ એમના, પ્રતિભાવંત વિરાટ ૮

એ શિષ્યોને વરણવું, સનમુખ રહી ગુરુરાજ
ગુરુ આગે આલેખીને, અક્ષત-ગહુંલી આજ ૯

### ઢાળ

(જેમ જેમ એ ગિરિ ભેટીએ રે.... એ દેશી)

પુણ્યે સદગુરુ સાંપડે રે, રત્નત્રય દાતાર સલૂણા
શરણ કરંતાં એમનું રે, વિઘટે ભવસંસાર સલૂણા
સદ્ગુરુ ચરણની સેવના રે, સફળ કરે અવતાર સલૂણા
એ ધ્રુવપદ ૧

આરાધક કેઈ ગુરુવરા રે, કેઈ પ્રભાવક જાણ સલૂણા
ઉભયગુણોએ ઓપતા રે, નેમિસૂરીશ પ્રમાણ સલૂણા ૨

ભવભીરૂ એહવા ગુરુ રે, વત્સલતા ભરપૂર સલૂણા
શિષ્યપણું તસ જે લહે રે, અઘ નિકસે તસ દૂર સલૂણા ૩

**શ્રીદર્શનસૂરિ** નામના રે, પ્રથમ પટોધર હોય સલૂણા
ન્યાયવિશારદ શાસ્ત્રના રે, પારંગત એ જોય સલૂણા ૪

બીજા **ઉદયસૂરીશ્વરુ** રે, ગીતારથ શિરદાર સલૂણા
શુદ્ધચારિત્રી સર્વદા રે, ગુરુપદસેવક ધાર સલૂણા ૫

તસ પટ્ટે શ્રીસંઘના રે, નાયક પરમદયાલ સલૂણા
**શ્રીનન્દનસૂરીશ્વરૂ** રે, જ્ઞાને ઝાકઝમાલ સલૂણા ૬

**શ્રીવિજ્ઞાનસૂરીશ્વરા** રે, શિષ્ય તૃતીય વખાણ સલૂણા
નિર્મલ શાન્તરસે ભર્યા રે, ચારિત્ર ગુણની ખાણ સલૂણા ૭

ચોથા **પદ્મસૂરીશ્વરુ** રે, પારંગત સિદ્ધાન્ત સલૂણા
ગ્રંથ ઘણેરા સર્જતા રે, જન ઉપકારક સંત સલૂણા ૮

**અમૃતસૂરીશ્વર** પાંચમા રે, શિષ્ય થયા કવિરત્ન સલૂણા
શાસ્ત્રવિશારદ ધર્મના રે, ઉદ્યોતે કૃતયત્ન સલૂણા ૯

વૈયાકરણ શિરોમણિ રે, સંસ્કૃતના વિદ્વાન સલૂણા
**શ્રીલાવણ્યસૂરીશ્વરુ** રે, છઠ્ઠા શિષ્ય મહાન સલૂણા૧૦

**શ્રીકસ્તૂરસૂરિ** થયા રે, પ્રાકૃતવિદમાં મુખ્ય સલૂણા
જે સિદ્ધાન્તમહોદધિરે, પરમગુરુના પ્રશિષ્ય સલૂણા૧૧

આઠ દિશા-ગજ સારિખા રે, સોહે શિષ્ય એ આઠ સલૂણા
મધ્યે શ્રીગુરુ રાજતા રે, ગ્રહગણપતિને ઠાઠ સલૂણા૧૨

શિષ્ય અનેરા અતિઘણા રે, સૂરિ વાચક પંન્યાસ સલૂણા
જ્ઞાની સંયમ સાધતા રે, કરતા શાસનભાસ સલૂણા૧૩

એ શિષ્યો સૂરીશના રે, રચતા ગ્રંથ અપાર સલૂણા
સંસ્કૃત પ્રાકૃત ગુર્જરે રે, શાસ્ત્ર તણે અનુસાર સલૂણા૧૪

એહવા શિષ્ય પ્રશિષ્યનું રે, વિપુલ બન્યું મુનિવૃન્દસલૂણા
આજ્ઞારાધન જે કરી રે, ટાળે ભવના ફંદ સલૂણા૧૫

સદ્ગુણશીલ એ ગુરુતણા રે, શાસનમાં શિષ્યત્વ સલૂણા
હું પણ પામ્યો પુણ્યથી રે, એ મમ જન્મનું સત્ત્વ સલૂણા૧૬

જિન-ગણધરની પાટના રે, એહવા શ્રીગુરુરાજ સલૂણા
ભવ ભવ સાંપડજો મને રે, એ અભિલાષા આજ સલૂણા૧૭

### काव्यम्

अशेषविद्वज्जनमण्डलीषु
लब्धप्रतिष्ठाः किल यस्य शिष्याः ।
श्रीनेमिसूरिं प्रगुरुं यजे तं
सुवासिताखण्डिततण्डुलौघैः ।।

मन्त्रः ॐ ह्रीँ श्रीपरमगुरुभट्टारकाय बालब्रह्मचारिणे सूरिसार्वभौमाय सकलसङ्घक्षेमङ्कराय श्रीविजयनेमिसूरीश्वराय भगवते अक्षतान् समर्पयामि स्वाहा ।।

**ષષ્ઠ અક્ષતપૂજા સમાપ્ત**

*

## સાતમી નૈવેદ્ય પૂજા

(૭)

### દુહા

જ્ઞાની-વર્ણિત શાસ્ત્રમાં, ગુરુગુણ છે છત્રીશ
એ ગુણગણથી છાજતા, વંદું નેમિસૂરીશ ૧

દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ-કેરા એહ સુજાણ
સાધનશુદ્ધિના બળે, સાધ્ય સાધતાં જાણ ૨

આશયની સુવિશાળતા, હૈયું પરમ ઉદાર
પરમતનીય સહિષ્ણુતા, દીર્ઘદષ્ટિના ધાર ૩

આ મમ આ પર-ભેદને, ન દિયે હિયડે સ્થાન
આવે જે સંપર્કમાં, સૌનું કરે કલ્યાણ ૪

એહવા મધુર ગુણે ભર્યા, ગુરુવર જે ભવવૈદ્ય
પૂજું તસ પ્રતિમા હવે, મધુર ધરી નૈવેદ્ય ૫

### ઢાળ

(રાગઃ ભૈરવી)

ગુરુવર શાસનના શણગાર
પરમગુરુ શિવસાધક અણગાર

ભાવાચાર્યતણા ગુણકેરું, વર્ણન જેહ ઉદાર
શાસ્ત્રોમાં મળતું તે ગુણના, ગુરુવર ધારણહાર ૧

બ્રહ્મચર્યપાલનમાં અનુપમ, એક અજોડ શ્રીકાર
અખિલ સાધુગણમાં આ યુગના, નેમિસૂરિ જયકાર ૨

ગ્રંથો તો સરજ્યા ઝાઝેરા, જૈન નયોના સાર
વ્યાકરણે વિવરણ લઘુ-મોટાં, પણ રચિયાં મનોહાર ૩

શાસનમાં ને સંઘ સકલમાં, વાદ-વિવાદ-વિકાર
જે ઉપજે તસ શમન કરંતા, નિજ શુભમતિ અનુસાર ૪

વરતે શાસ્ત્રતણે અવિરોધે, સુવિહિત જે આચાર
પાલન-સંરક્ષણ તસ કરતા, સંઘ તીર્થ આધાર ૫

વિધવિધ સંઘાડાના નાયક, ધર્મધુરા વહનાર
આચાર્યો પણ કરતાં જેના, નિર્ણયનો સ્વીકાર ૬

બહુ વિખવાદ સમસ્યાઓ જવ, ઉપન્યા સંઘ મોઝાર
તાસ નિવારણ હેતે હિતકર, ગુરુવર કરે વિચાર ૭

મુનિસમ્મેલન સર્વ ગચ્છનું, બોલાવે સુખકાર
રાજનગરના સંઘ-આંગણે, ઓગણીસ નેવું મઝાર ૮

સર્વમાન્ય ગુરુવર વરતા ત્યાં, સર્વ તણો સહકાર
દીર્ઘદષ્ટિયુત બુદ્ધિ-કુનેહે, લહે સફળતા સાર ૯

આણંદજી કલ્યાણજી પેઢી-ના પથદર્શક ધાર
નગરશેઠ ને સંઘપતિ સહુ, આજ્ઞા શિર ધરનાર ૧૦

'ગચ્છપતિનું પુણ્ય સંઘનું, કુશળ કરે નિરધાર'
એહ સુભાષિત સાર્થક બનતું, પરમગુરુને વાર ૧૧

વજ્રકઠોર બની શિષ્યોનું, અનુશાસન કરનાર
પણ કરુણાભીનું જસ હૈયું, કેવળ હિત-ભંડાર ૧૨

પુણ્યવંત એ ગુરુનાં પગલાં, જ્યાં ત્યાં મંગલ ચાર
અમીદષ્ટિ જ્યાં ગુરુની ઠરતી, ત્યાં સુખનો નહિ પાર ૧૩

નિજપુણ્યે નિરપેક્ષ, અન્યના દુઃખે કરુણાધાર
પરદોષે મધ્યસ્થ, પરાયી, વિપદ મિટાવણહાર ૧૪

શીલવંત એ સંતતણા કહું, કેતા જગ-ઉપકાર !
શાસનધોરી ગુરુવરની બસ, હું જાઉં બલિહાર ૧૫

### काव्यम्

समृद्धसौभाग्यसमन्विताय
जिनेन्द्रमार्गेण जगद्धिताय ।
नैवेद्यमद्यैव निवेदयामि
श्रीनेमिसूरिप्रभवेऽर्चिताय ॥

मन्त्रः ॐ ह्रीं श्रीपरमगुरुभट्टारकाय बालब्रह्मचारिणे सूरिसार्वभौमाय सकलसङ्घक्षेमङ्कराय श्रीविजयनेमिसूरीश्वराय भगवते नैवेद्यं समर्पयामि स्वाहा ॥

*સપ્તમ નૈવેદ્યપૂજા સમાપ્ત*

*

## અષ્ટમ ફલપૂજા

(૮)

### દુહા

શુદ્ધ માર્ગના સેવને, ગુરુ-જીવન ઉજમાલ
આચરણા અપવાદની, કરે નહીં રતિ-વાલ ૧

અવિહડ પ્રવચનરાગ ને, સંયમસેવન શુદ્ધ
અવિતથ તેમ પ્રરૂપણા, એ ત્રણ ગુરુગુણ-ઋદ્ધ ૨

જીવનભર ભરતા થકા, એમ નિજગુણ-ભંડાર
પહોંચ્યા ઘડપણ-ઉંબરે, શ્રીગુરુ ગુણ-દાતાર ૩

આયુ સત્યોતેરનું, દીક્ષા એકસઠ વર્ષ
એકતાલીસ વરસ લગે, સેવ્યું સૂરિપદ હર્ષ ૪

જન્મભૂમિ મહુવા વિષે, જન્મસ્થાન-સમીપ
દીવાળીદિન વિરમિયો, દીવાળી-સુત-દીપ ૫

શુદ્ધ સમાધિ સાધતા, સંયમના ફળરૂપ
અંતસમે, તે કારણે, ફલ ધરું પુર મુનિભૂપ ૬

### ઢાળ
(શાસનસ્વામી સંત સનેહી સાહિબા..... એ દેશી)

ગરવા ગુરુની ગૌરવગાથા ગાઈએ.... એ ટેક
વૃદ્ધાવસ્થા પજવે ગુરુવરને હવે
એમાં ભળતો વ્યાધિઓનો સાથ જો
શીઘ્રવિહારી ગુરુવર પણ પકડે હવે
ડગલે ડગલે શિષ્ય-જનોનો હાથ જો ૧

દોય સહસ ત્રણ વર્ષે ચોમાસું કર્યું
સાબરમતીમાં કીધો મહદુપકાર જો
સંઘ-સમુન્નતિ-કાજે દીધી આશિષો
અધુના તસ પરિણામે છે શ્રીકાર જો ૨

વિહારની વેળા આવી ત્યાંથી યદા
ડગલું પણ ભરવા ગુરુવર અસમર્થ જો
અપવાદિક આચરણાની વિનતિ તદા
શિષ્યો ને શ્રીસંઘ કરે નિઃસ્વાર્થ જો ૩

ડોળીમાં નવ બેસું પ્રાણાન્તેય હું
શ્રીગુરુનો છે એવો દૃઢ નિરધાર જો
પણ શિષ્યોને મોટી ચિંતા સ્વાસ્થ્યની
કરગરતાં તે કારણ લઈ દરકાર જો ૪

શિષ્યો ને સઘળોયે સંઘ તિહાં મળ્યો
વરસે સહુની આંખે આંસુધાર જો
દ્રવ્યું હૃદય ગુરુવરનું એ નિરખી, કર્યો
છેવટ સૌની ઇચ્છાનો સ્વીકાર જો ૫

શુદ્ધ જીવનમાં પ્રથમવાર અપવાદ એ
સેવ્યો ને સોરઠ ભણી કીધ પ્રવાસ જો
વર્ધમાનપુર-બોટાદાદિક ક્ષેત્રમાં
કરતા ચૈત્યપ્રતિષ્ઠા ચાતુર્માસ જો ૬

કદંબગિરિ-પ્રિયતીર્થે આવ્યા તે પછી
મનમાં ત્યાં ચોમાસાનો ઉલ્લાસ જો
નગરશેઠ ને સંઘ પરંતુ આવતાં
મહુવાથી ગુરુવરને લેવા ખાસ જો ૭

'ચૈત્યપ્રતિષ્ઠા મહુવાની નહિ હું કરું'
સહસા પ્રગટ્યા ગુરુમુખથી ત્યાં વેણ જો
અગમ-વેણ નિસુણીને સ્તબ્ધ થયા સહુ
આંસુથી છલકાતાં સહુનાં નેણ જો ૮

જન્મભૂમિમાં ચોમાસું આવ્યા હવે
વર્ષ હતું એ દોય સહસ ને પાંચ જો
મંગળમાળ પ્રવર્તે સંઘ-નગર વિષે
ગુરુ-દર્શનથી પામે સહુ રોમાંચ જો ૯

સ્વાસ્થ્ય પરંતુ ગુરુવરનું કથળ્યું તદા
સંથારાવશ થાયે પાવન દેહ જો
પણ અદ્ભૂત સમાધિ ધરતાં ચિત્તમાં
આત્મરમણતામાં તન્મય નિત એહ જો ૧૦

આકસ્મિક તૂટ્યું વટવૃક્ષ સ્વયં, ખર્યો
તેજસ્વી તારો ને નભ-નિર્ઘાત જો
એક દિવસ મધ્યાહ્ને સૂરજ બિંબને
ફરતું કુંડાળું અણગમતું થાત જો ૧૧

અશુભ ઈસ્યા સંકેતો જાણે સૂચવે
ઘટના કોઈ અમંગળ ઘટશે એમ જો
શ્રીગુરુકેરું લથડે સ્વાસ્થ્ય દિને દિને
ચિન્તાવ્યાકુળ સંઘ ધરે મન વ્હેમ જો ૧૨

પ્રતિચારક શિષ્યો પણ રાત્રિદિવસ કરે
વૈયાવચ્ચ અને શુશ્રૂષા સાર જો
આંગ્લવૈદ્ય બહુ આવે અનુભવમાં વડા
તે પણ કરતા દોષરહિત ઉપચાર જો ૧૩

વૈદ્યતણા નિર્દેશે સમજ્યા સૌ તિહાં
અંતસમય ગુરુવરનો છે નજદીક જો
આદરતાં બુધ શિષ્યો તુરત નિઝામણા
આત્મલીન ગુરુ પણ મરણે નિર્ભીક જો ૧૪

ધનતેરસ દિન ભાખ્યું શ્રીગુરુએ સ્વયં
'દીવાળી નહિ જોવી મારે' એમ જો
દીવાળી દિવસે આહાર ગ્રહ્યો નહીં
ઔષધ પણ નહિ, માત્ર સમાધિ નેમ જો ૧૫

સાયંકાળે આવશ્યક ષડ્ આદરી
ચઉશરણાદિક ધર્મધ્યાનમાં લીન જો
સકલ સંઘ ને શિષ્ય સમૂહની સાક્ષીએ
આત્મતેજ-જળહળતું વદન અદીન જો ૧૬

સાત કલાકે સમતાપૂર્વક સાધિયો
શ્રીગુરુદેવે મરણમહોત્સવ ભવ્ય જો
પાર્થિવ પુદ્ગલનો સંયોગ નિવારીને
વરિયા સંયમફળ ગુરુ એ ગતિ દિવ્ય જો ૧૭

મા દીવાળી-કૂખે જનમ્યા જ્યાં કને
દીવાળીએ ત્યાં જ થયા તનુહીન જો
પ્રગટ્યું જે તનુ કાર્તિક શુદિ એકમ દિને
તે જ દિને થતું પંચ તત્ત્વમાં લીન જો. ૧૮

શિષ્યો સંઘ અને તપગચ્છ બધા થયા
ગુરુવિરહે અશરણ અસહાય અનાથ જો
કર્મ કાળ કુદરતની એહ વિડંબના
સ્વીકાર્યા વિણ કો' ઉપાય નહિ હાથ જો ૧૯

દેહત્યાગ કર્યો ત્યાં ગુરુમંદિર બન્યું
અગ્નિદાહને સ્થાને જિનવર ચૈત્ય જો
પરમ મહોદયવંત પરમગુરુ આપનું
શીલ કહે મુજ હોજો શરણું નિત્ય જો ૨૦

काव्यम्

यदीयपादाम्बुजयुग्मसेवा-
ऽवाप्तिर्नृजन्मद्रुमसत्फलं मे ।
श्रीनेमिसूरीश्वरसद्गुरुं तं
समर्चयाम्यद्य फलोच्चयेन ।।

मन्त्रः ॐ ह्रीं श्रीपरमगुरुभट्टारकाय बालब्रह्मचारिणे सूरिसार्व-भौमाय सकलसङ्घक्षेमङ्कराय श्रीविजयनेमिसूरीश्वराय भगवते फलं समर्पयामि स्वाहा ।।

*અષ્ટમ ફલપૂજા સમાપ્ત*

*

**કલશ**

(રાગ : તોડી)

ઈમ મેં સ્તવિયા ગુરુભગવંત
તાતપાદના વર્ણવાદથી, મન-વિખવાદ શમંત.....
ગુરુગુણનો દરિયો વિસ્તરિયો, દીસે ક્યાંય ન અંત
મંદમતિ હું કિમ લહું તેનો, પાર અશક્તિમંત ૧
તો પણ માસાહસ ખગ પેરે, સાહસ કીધું ખંત
શ્રીગુરુવરના પુણ્ય પ્રભાવે, સફળ એહ વિરતંત ૨
અલ્પઉક્તિ ને પુનરુક્તિ અહીં, પદે પદે દીસંત
દોષ નહીં ગણશો, તે તો છે, અલંકાર ઝળકંત ૩
ગુરુદર્શનથી પુણ્ય-ઉદયનું, **નન્દન**વન વિકસંત
**વિજ્ઞાનાર્ક**-કિરણથી મનહર, બોધ**પદ્મ** ઉઘડંત ૪
**અમૃત**તુલ્ય શુભગુણ-**લાવણ્યે**, ગુરુ-જીવન સોહંત
મૃગ **કસ્તૂર**-સદૃશ ગુરુવરની, પ્રસરે સુરભિ દિગંત ૫
વિક્રમ સંવત દોય સહસ પર, ઓગણસાઠ વહંત
પર્વરાજ પર્યુષણ મધ્યે, ગાયા ગુરુગુણ સંત ૬
**સૂરિશ્રીવિજ્ઞાન**તણે પદ, **કસ્તૂરસૂરિ** મહંત
**યશોભદ્રસૂરિ** તસ પાટે, **સૂરિ શુભંકર** દંત ૭
તાસ પટ્ટધર **શ્રીસૂર્યોદય-સૂરીશ્વર** વિલસંત
શિષ્ય **શીલચન્દ્રા**ભિધ તસ આ, ગુરુગુણગાન કરંત ૮
દ્રવિડદેશ **ચેન્નાઈ**નગરે, ગુરુનિશ્રા બલવંત
પૂજા ગાઈ **ચન્દ્રપ્રભજિન**-સાંનિધ્યે જયવંત ૯

*